# હિંમતનગર-મોડાસા ભાસ્કર

મહેસાણા • ગુરુવાર, 27 ફેબ્રુઆરી, 2020 | ઈડર • ભિલોડા | પ્રાંતિજ • બાયડ | divyabhaskar.com


બજેટમાં ઉત્તર ગુજરાત | ભૂગર્ભ જળસ્તર ઉંચું લાવવા અટલ ભૂજલ યોજના હેઠળ ઉત્તર ગુજરાત-કચ્છના 24 તાલુકાઓ માટે રૂ.757 કરોડ ફાળવાયા

# હિંમતનગરમાં વેટરનરી કોલેજ માટે 43 કરોડ ફાળવાયા

- અરવલ્લી સહિત 6 જિલ્લામાં 8 જૂથ પાણી પુરવઠા યોજના માટે રૂ.850 કરોડ
- વિજયનગરમાં કુમારો અને મોડાસામાં કન્યાઓ માટે છાત્રાલય શરૂ કરાશે
- પોળો ફોરેસ્ટ ખાતે પ્રવાસીઓની સુવિધા માટે રૂ.5 કરોડની જોગવાઈ
- સાબરમતી નદી પર વિજાપુરના હિરપુરા અને વલાસણા પાસે બેરેજ બનાવાશે


ભાસ્કર ન્યૂઝ | હિંમતનગર


26 ફેબ્રુઆરીએ વિધાનસભા ગૃહમાં રજૂ થયેલ 2020-21 નાણાકીય વર્ષના બજેટમાં હિંમતનગરની કામધેનુ યુનિવર્સીટી અને પશુપાલન નિયામક વિભાગ માટે રૂ.45 કરોડની જોગવાઈ કરતા રાજપુર નવા ખાતે વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સીટી અને ફીશરીઝ કોલેજમાં આગામી શૈક્ષણિક વર્ષથી પ્રારંભ થશે. નોંધનીય છે કે સમગ્ર દેશમાં માત્ર 4 વેટરનરી કોલેજ છે અને હિંમતનગરમાં પાંચમી કોલેજ શરૂ થવા જઈ રહી છે જેને બજેટરી સપોર્ટ મળી રહેતા ઇન્ફ્રાસ્ટ્રક્ચર કામગીરીને પણ વેગ મળશે.

નાણા પ્રધાન દ્વારા બુધવારે રજૂ થયેલ બજેટમાં સાબરકાંઠા જિલ્લાને પણ ન્યાય આપવામાં આવતા ખૂશીની લહેર પ્રસરી ગઈ છે. હિંમતનગર સ્થિત કામધેનુ યુનિવર્સીટીની પાંચેક વર્ષ અગાઉ જાહેરાત થયા બાદ પૂર્ણરૂપે કામ શરૂ થયુ ન હતુ પરંતુ તા.26/02/20 ના રોજ બજેટમાં કામધેનુ યુનિવર્સીટી અને પશુપાલન નિયામક વિભાગ માટે રૂ. 45 કરોડની જોગવાઈ કરાતા જિલ્લામાં ખૂશીની લહેર જોવા મળી છે.

કામધેનુ યુનિવર્સીટીના વાઈસ

## પોળો ફોરેસ્ટ ઇકો ફ્રેન્ડલી અને પ્રવાસન સુવિધા સજ્જ બનશે



વિજયનગર તાલુકાના પોળો ફોરેસ્ટમાં પ્રવાસન સુવિધાઓ માટે રૂ.5 કરોડની બજેટમાં જોગવાઈ કરાઈ છે એસીએફ યોગેશભાઈએ જણાવ્યુ કે નાણાની જોગવાઈને પગલે હવે પોળો ફોરેસ્ટને ઈકો ફ્રેન્ડલી બનાવી શકાશે તદઉપરાંત કેમ્પ સાઈટ, ડેવલપમેન્ટ, ટ્રેકીંગ રૂટ ડેવલપમેન્ટ, ટુરીઝમ સાઈટમાં જુમાડા સહિત વાહનથી પ્રવેશ, વન્ય જીવો ઔષધિઓ વિવિધ વનરાજી માટે ઇન્ટર પ્રીટેશન સેન્ટર સહિતની બાબતો વિકસાવાઈ શકાશે. અને 1974 થી આયુર્વેદિક ગાર્ડન છે તેને પણ ડેવલપ કરી શકાશે. જયાંલે જ જોવા મળતી દુર્લભ વનસ્પતિઓનો પણ અહીં ભંડાર છે બાળકો માટે આ બધી વસ્તુઓનુ પ્રદર્શન એક જ જગ્યાએ જોવા મળે તેવુ આયોજન પણ થઈ શકે છે એટલે પોળો ફોરેસ્ટમાં ટુરીસ્ટની સંખ્યા વધારવાના આયામ પણ હવે વધી જશે.

ચાન્સેલર નરેશભાઈ એચ કેલાવાલાએ વિગત આપતા જણાવ્યુ કે આગામી શૈક્ષણિક વર્ષથી હિંમતનગર તાલુકાના રાજપુર-નવા ખાતે દેશની પાંચમી વેટરનરી કોલેજ 30ના એડમીશનથી શરૂ થઈ રહી છે. ગુજરાતમાં વેટરનરી અને નવસારી ખાતે ફીશરીઝની કોલેજ છે દેશને 30 ટકા દરિયા કિનારો ગુજરાત ધરાવે છે નિકાસના સંજોગો પણ ઉજળા છે. ફીશની જાળવણી અને નિકાસમાં વધારો તથા મીઠા પાણીમાં મત્સ્ય ઉછેર સહીતની સ્કીલ વધારવા રાજ્યની ત્રીજી ફીશરીઝ કોલેજ પણ શરૂ થશે તદઉપરાંત યુનિવર્સીટી સંલગ્ન ઉકાઈ ખાતે એક્સ્ટેન્શન ઇન એક્વા કલ્ચર સેન્ટર પણ શરૂ થશે જ્યાં ત્રણ માસનો તાલિમ કોર્સ શરૂ કરાશે. બજેટમાં 45 કરોડની જોગવાઈ થતા ત્રણેય પ્રોજેક્ટને વેગ મળશે.

## બજેટમાં ઉ.ગુ.માટે પીવાનું પાણી, પ્રવાસન, શિક્ષણ, પશુપાલન, રોડ-રસ્તા સહિતના કામો માટે માતબર જોગવાઈ

### સાબરકાંઠા

- હિંમતનગરના રાજપુર ખાતે વેટરનરી કોલેજ, મત્સ્યોદ્યોગ અનુસ્નાતક અભ્યાસ કેન્દ્ર માટે રૂ.43 કરોડ.
- અરવલ્લી સહિત 6 જિલ્લામાં રૂ.1700 કરોડની 8 જૂથ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણતાના આરે છે, જેના માટે રૂ.850 કરોડની જોગવાઈ.
- વિજયનગર ખાતે કુમાર તેમજ મોડાસા ખાતે કન્યાઓ માટે નવા સરકારી છાત્રાલયો શરૂ કરાશે.
- પોળો ફોરેસ્ટમાં પ્રવાસી સુવિધાઓના વિકાસ માટે રૂ.5 કરોડની જોગવાઈ.

### પાટણ

જનરલ હોસ્પિટલ સિદ્ધપુર ખાતે કેન્સર કેરના સાધનો માટે રૂ.8 કરોડ.

### મહેસાણા

- નૃત્ય, સંગીત, નાટકના અભ્યાસ અને સંશોધનને ઉત્તેજન આપવા વડનગરમાં તાનારીરી પરફોર્મિંગ આર્ટ કોલેજની સ્થાપના કરવા રૂ.1 કરોડની જોગવાઈ.
- મહેસાણા જિલ્લામાં વધતી જતી મહેસૂલી કામગીરીના ભારણને ધ્યાને લઈ નવા મહેસૂલી ભવન માટે રૂ.5 કરોડની જોગવાઈ.
- સાબરમતી નદી પર રૂ.200 કરોડના ખર્ચે હાથ ધરાયેલી વિજાપુરના હિરપુરા અને વલાસણા બેરેજ યોજના માટે રૂ. 60 કરોડની જોગવાઈ.
- પીંપળથી ધરોઈ, ધાંધુસણથી દેલાણીપુર અને ખેરવા-વિસનગર યોજનાના કામો પૂર્ણતાના આરે છે, જેના માટે રૂ.55 કરોડની જોગવાઈ.
- હેરિટેજ શહેર વડનગરનો ભારત સરકારના સંયુક્ત પ્રયાસથી રૂ.200 કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરાઈ રહ્યો છે.
- મૂંગા પશુ-પક્ષીઓની સારવાર માટે કાર્યરત કરૂણા એમ્બ્યુલન્સ 1962ની સેવા મહેસાણા ઉપરાંત 5 શહેરમાં શરૂ કરવા રૂ.13 કરોડની જોગવાઈ.

### બનાસકાંઠા

- કાંકરેજ અને દેશી ગીર ગાયના સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ.33 કરોડની જોગવાઈ.
- આગામી પાકોનું કાપણી પછી થતું નુકશાન અટકાવવા અને મૂલ્ય વર્ધન માટે પ્રાયોગિક ધોરણે બનાસકાંઠા જિલ્લામાં એફપીઓ આધારિત મૂલ્યઆધારીત સુવિધા વિકસાવાશે. જેને ઈ-નામ સાથે સાંકળી આગામી ઉત્પાદનોને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બજારો સુધી વિકસિત કરવા રૂ.5 કરોડની જોગવાઈ.
- ધરાદથી સીપુ ડેમ સુધી પાઈપલાઈન નાંખવાથી ધરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના આશરે 6000 હેક્ટર વિસ્તારને લાભ થશે. જેના માટે રૂ.225 કરોડની જોગવાઈ.
- થરાદ-ધાનેરા-પાંથાવાડા રસ્તો પેવ્ડ શોલ્ડર સહિત દ્વિમાર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ.
- અંબાજી અને પ્રાંગણ ખાતેના સ્ટોન આર્ટીઝન પાર્કના વિકાસ માટે રૂ.10 કરોડની જોગવાઈ.
- બોર્ડર ટુરિઝમના વિકાસ અંતર્ગત નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટ હેઠળ આંતર રાષ્ટ્રીય સવલતો તથા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોના આયોજનો માટે રૂ.35 કરોડની જોગવાઈ.

## ચાર વર્ષમાં રાજપુર - નવાનો વિકાસ હરણફાળ ભરશે

હિંમતનગર તાલુકાના રાજપુર નવામાં વેટરનરી અને ફીશરીઝની કોલેજ શરૂ થતા આગામી ચારેક વર્ષમાં ગામની રોનક વધી જશે. 300 થી વધુ વેટરનરી ડોક્ટર અને ફીશરીઝના એક્સપર્ટ નીકળવા શરૂ થઈ જતા આસપાસમાં નવીન વ્યવસાયની તકો પણ શરૂ થશે. કામધેનુ યુનિવર્સીટી બીલ્ડીંગ, વેટરનરી અને ફીશરીઝ કોલેજ બીલ્ડીંગ તથા હોસ્ટેલ સહિતનુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થતા આ વિસ્તારમાં વિકાસ હરણફાળ ભરશે.

## યુનિવર્સિટી, કોલેજ, હોસ્ટેલ બીલ્ડીંગનું કામ વેગ પકડશે

કામધેનુ યુનિવર્સીટી સંલગ્ન કોલેજોના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે તબક્કાવાર નાણાની જોગવાઈ કરવા પ્રોજેક્ટ રીપોર્ટ રજૂ કરાયો હતો પ્રતિવર્ષ વેટરનરી કોલેજ માટે 131 કરોડ, ફીશરીઝ કોલેજ માટે 10 કરોડ અને એક્સ્ટેન્શન ઇન એક્વાકલ્ચર સેન્ટર માટે 5 કરોડની માંગ કરાઈ હતી. વેટરનરી કોલેજ હોસ્ટેલ માટે કુલ 40 કરોડથી વધુ અને ફીશરીઝ કોલેજ હોસ્ટેલ માટે 30 કરોડ થી વધુ ખર્ચ થનાર છે.